આંક –24

| સેશન્સ કેસ નંબરઃ– 60/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 6 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | જીતેન્દ્રભાઈ જયંતીભાઈ વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9898243686 |
| ઉંમર આશરે | ૪૦ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | જાડી, તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી. કંસારા |

(૧) હું ધોરણ ત્રણ પાસ છું. આજથી બે ત્રણ વર્ષ પહેલા માલોતરા ગામથી આવતો હતો. તે વખતે પોલીસે મને એક તૈયાર પંચનામામાં મારી સહી લીધેલી. આ સહી શી બાબતની હતી તે અંગે પોલીસે મને સમજ કરેલ નથી. મારી હાજરીમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ નથી. હું સંગીતાબેન સુરેશભાઈ કોળીએ ઓળખુ છુ. આ બેન ત્યાં હાજર હતા અને તેમણે મને કોઈ જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી અને આ સંગીતાબેને તેમની સાથે બનેલ બનાવની કોઈ વાત પંચનામા સમયે કરેલ હોય તેવુ બનેલ નથી. હું પંચનામા વિશે કંઈ જાણતો નથી.

મને માર્કઃ૫/૪વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંકઃ૨૫</u>** આપવામાં આવે છે.

<u>હોસ્ટાઈલ</u>

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી સંગીતાબેન સુરેશભાઈ કોળી રહે. જાડી

સાહેદની સહી............................

તા.ધાનેરાવાળાઓએ અમો પંચોને ગુનાવાળી જગ્યા બતાવેલી હતી. જે જગ્યા માલોતરા ગામ તરફ જતા રોડ જાડીથી આશરે એકાદ કિ.મી. હતી અને ત્યાં થોડા આગળ મામા બાપજીના મંદિર પાસે શંકરભાઈ પટેલના ખેતરની પાસે રોડ ઉપર આવેલ હતી. એ વાત ખરી નથી કે અમો પંચોની રૂબરૂમાં ફરીયાદી સંગીતાબેને આ કામના આરોપીએ તેમની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ હોય તેવુ જણાવેલ હતુ અને તેમને ફરીયાદ ન કરવાની શરતે તેમજ ઘરે કોઈને કંઈ કહેવાનું ન હોય તેના પતિ તથા બાળકોને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હતી. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી....**

**<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.જી.સુથાર.</u>**

(૨) ઉલટતપાસ નથી.

**ઉલટ તપાસ નથી.**

**ફેરતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૯/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................